**ફોજદારી કેસ નં.:-191062/2024**

**આંક–૧ હેઠળ હુકમ**

(૧) આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીગનું આયોજન કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીઓએ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીસ રજુ કરતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીનાઓએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીઓએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીઓએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીઓની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતા, તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષ માં રાખતા તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગોને ધ્યાને લેતા, આરોપીઓને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપીઓ ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**-: હુ ક મ :-**</u>

**૧**. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીઓને જુગાર પ્રતિબંધક ધારાની કલમ- ૧૨(અ) મુજબના ગુનામાં **આરોપી** તકસીરવાન ઠરાવીને આરોપીને રૂ. **૨૦૦** /- દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરેતો દિન-૫ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

**૨**. કિમતી મુદ્દામાલ અથવા મોબાઈલ ફોન/વાહન બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. અને તે મુકવામાં આવેલ શરતો રદ કરવામાં આવે છે અને જો કિમતી મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તેવો મુદ્દામાલ તેના માલીકી અંગેના ઓળખ પુરાવા મેળવી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.અંગઝડતી તથા આક્ષેપિત દાવ ઉપરની રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪/૧૨/૨૦૨૪**
**સ્પે.સીટીંગ,અમદાવાદ.**

**(શ્રી બી. પી. મહીડા)**
**કોડ નં.-૦૧૧૨૨**
**૩૦ મા એડી.ચીફ જયુડીશ્યલ**
**મેજીસ્ટ્રેટ, અમદાવાદ (શહેર).**